# બાલઠાકરેની શિવસેના ‘કટ્ટર હિન્દુવાદ’ અને ‘મરાઠી માનુસ’આ બે સ્તંભ પર ઊભી હતી

દાયકાઓ સુધી મુંબઈના રાજકારણનું કેન્દ્રબિંદુ ‘માતોશ્રી’ રહ્યું છે. ‘મુંબઈ પર શિવસેનાનું શાસન’ એ માત્ર એક રાજકીય વાક્ય નહીં, પણ મુંબઈની ઓળખ બની ગઈ હતી. પરંતુ તાજેતરના રાજકીય ઉથલપાથલ અને બીએમસીના બદલાતા સમીકરણો સૂચવે છે કે ઠાકરે પરિવારનો આ ગઢ હવે ડગમગી રહ્યો છે.

બીએમસીમાં ઠાકરે જૂથની હાર કે નબળી પડતી પકડ પાછળ માત્ર એક કારણ નથી, પણ અનેક વ્યુહાત્મક ભૂલો અને બદલાતા જનતાના મિજાજનો સંગમ છે. મુંબઇ મહાનગર પાલિકામાં ઠાકરે પરિવારની હારનું પહેલું કારણ છે પક્ષમાં ભંગાણ અને વિશ્વસનીયતાનું સંકટ. ઠાકરે જૂથ માટે સૌથી મોટો ફટકો એકનાથ શિંદેનું બળવો હતો. શિવસેનાના બે ભાગલા પડ્યા બાદ માત્ર ધારાસભ્યો જ નહીં, પણ પાયાના સ્તરના કાર્યકરો અને કોર્પોરેટરો પણ વિભાજિત થઈ ગયા. જનતામાં એવો સંદેશ ગયો કે જે નેતા પોતાનો પક્ષ સાચવી શક્યા નથી, તે મુંબઈના વિશાળ વહીવટને કેવી રીતે સાચવશે? ‘અસલી શિવસેના’ કોણ? તે જંગમાં ઠાકરે જૂથ ભાવનાત્મક મુદ્દાઓ પર લડતું રહ્યું, જ્યારે વિરોધીઓએ સંગઠનાત્મક શક્તિ પર ધ્યાન આપ્યું. અન્ય એક કારણની વાત કરીએ તો તે છે હિન્દુત્વ વિરુદ્ધ મરાઠી અસ્મિતાનો વિરોધાભાસ. બાલાસાહેબ ઠાકરેની શિવસેના ‘કટ્ટર હિન્દુત્વ’ અને ‘મરાઠી માનૂસ’ના બે સ્તંભો પર ઊભી હતી. મહાવિકાસ આઘાડી (MVA) ના ગઠબંધન પછી, કોંગ્રેસ અને NCP સાથે હાથ મિલાવવાથી ઠાકરેની છબી ‘ઉદારવાદી’ બની. આ પરિવર્તનને કારણે શિવસેનાના પરંપરાગત કટ્ટરપંથી મતદારો ભાજપ તરફ વળ્યા. ભાજપે કુશળતાપૂર્વક ઠાકરે પર ‘હિન્દુત્વ છોડવાનો’ આરોપ લગાવ્યો, જેની સીધી અસર બીએમસીની ચૂંટણીમાં જોવા મળી છે. ત્રીજા કારણની વાત કરીએ તો તે છે એન્ટિ ઇન્કમબન્સી. બીએમસી પર ૨૫ વર્ષથી વધુ સમય સુધી શિવસેનાનું શાસન રહ્યું છે. આટલા લાંબા સમય પછી જનતામાં કુદરતી રીતે જ એક થાકનો અનુભવ હોય છે. રસ્તાઓ પરના ખાડા, દર વર્ષે ચોમાસામાં ભરાતા પાણી અને ભ્રષ્ટાચારના આરોપોએ મધ્યમ વર્ગના મતદારોને નારાજ કર્યા. “મુંબઈને શાંઘાઈ બનાવવાનું સપનું” માત્ર કાગળ પર રહી ગયું હોય તેવું જનતાને લાગવા માંડ્યું. જ્યારે ચોથું અને સૌથી મહત્વનું કારણ જે સમગ્ર મહારાષ્ટ્રમાં જોવા મળ્યું તે છે ભાજપની આક્રમક રણનીતિ. ભાજપે બીએમસીને જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ‘મિશન મુંબઈ’ હેઠળ ભાજપે માત્ર મરાઠી મતો પર જ નહીં, પણ ગુજરાતી, ઉત્તર ભારતીય અને જૈન મતદારો પર મજબૂત પકડ બનાવી. જ્યારે ઠાકરે જૂથ માત્ર ‘મરાઠી કાર્ડ’ પર નિર્ભર રહ્યું, ત્યારે ભાજપે સર્વસમાવેશક વિકાસનો મુદ્દો આગળ ધર્યો. વડાપ્રધાન મોદીના નામે અને કેન્દ્ર-રાજ્યમાં ‘ડબલ એન્જિન’ સરકારના ફાયદા ગણાવીને ભાજપે મુંબઈગરાઓને આકર્ષ્યા. તો પાંચમા કારણની વાત કરીએ તો તે છે વહીવટી અનુભવ અને સંવાદનો અભાવ. ઉદ્ધવ ઠાકરેની કાર્યશૈલી સોશિયલ મીડિયા અને વીડિયો કોન્ફરન્સિંગ પૂરતી મર્યાદિત રહી હોવાની ટીકા વારંવાર થતી રહી. પાયાના કાર્યકરો સાથે સીધો સંવાદ તૂટી ગયો હતો. બીજી તરફ, એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસે ગ્રાઉન્ડ લેવલ પર જઈને લોકો સાથે મુલાકાતો વધારી. બીએમસીમાં જે નેતાઓ વર્ષોથી જમીની સ્તરે કામ કરતા હતા, તેઓ ઠાકરે જૂથ છોડીને જતાં રહ્યા, જેનાથી ચૂંટણી તંત્ર ખોરવાઈ ગયું છે. કોઇપણ રાજકીય પાર્ટીનો ઉદય ચોક્કસ વિચારધારાથી જ થાય છે. વિચાર જ પાર્ટીનો આધાર હોય છે પરંતુ જો તમે વિચારધારાથી વિપરીત જાઓ તો તેના આવા પરિણામ જોવા મળી શકે છે. ઇમાનદારીના સ્તંભ પર ઊભી થયેલી આમ આદમી પાર્ટીના દિલ્હીમાં થયેલા પરાજય પાછળ આ પણ એક મહત્વનું કારણ હતું.

પાર્ટી પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો અને પ્રજાએ તેને બહારનો રસ્તો બતાવી દીધો હતો. તેવી જ રીતે શિવસેનાએ તેની કટ્ટર હિન્દુત્વની નિતી છોડી દીધી અને તેના પરિણામ સામે જ છે.

શિવસેનાથી મતદારોતો વિમૂખ થયા જ છે પરંતુ શિવસૈનિકો પણ ઉદ્ધવ ઠાકરેની ઉદારનિતીને સાથ આપતા નથી. મતદારો જ્યારે પણ મતદાન કરે છે ત્યારે બે ચીજો ધ્યાનમાં રાખે છે. જેમાં પહેલી ચીજ છે ઉમેદવારનો ચહેરો અને તેની લોકપ્રિયતા અને બીજી વસ્તુ પાર્ટીની વિચારધારા જુએ છે. આ વિચારધારા બદલાઇ જાય તો પાર્ટીએ ઘણું બધું ગુમાવવું પડે છે.

ભારતીય જનતા પાર્ટીની જ વાત કરીએ તો પક્ષની સ્થાપના થઇ અને લોકસભામાં આ પક્ષના માત્ર બે સાંસદ હતા ત્યારે તેમના પક્ષના બે એજન્ડા મુખ્ય હતાં. જેમાં પહેલો હતો અયોધ્યાની ભૂમિ પર રામમંદિરનું નિર્માણ અને બીજો હતો જમ્મુ કાશ્મીરમાંથી કલમ 370ની નાબૂદી. આ બંને એજન્ડા પર ભાજપ વળગી રહ્યો એટલે જ તે આજે પણ મજબૂત સ્થિતિમાં છે અને મતદારો તેની સાથે જ રહે છે.

## કામમાં આનંદ શોધો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સમયની વાત છે. એક ગામમાં થોડા મજૂર મોટા મોટા પથ્થર તોડી રહ્યા હતા, ત્યાંથી એક સંત પસાર થયા. તેમણે પથ્થર તોડતાં એક મજૂરને પૂછ્યું, ‘‘અહીં શું બની રહ્યું છે?’’ મજૂર પથ્થર તોડી તોડીને એકદમ થાકી ગયો અને કંટાળેલો હતો. તેણે ખીજાઈને કહ્યું, ‘‘દેખાતું નથી, પથ્થર તોડી રહ્યો છું અને પથ્થર તોડી તોડીને જીવ નીકળી ગયો છે અને તમને પંચાત છે કે અહીં શું બની રહ્યું છે.’’ સંત વધુ સમય ત્યાં ઊભા ન રહ્યા અને આગળ વધી ગયા. આગળ બીજો મજૂર તૂટેલા પથ્થરના ટુકડાઓને આકાર આપી રહ્યો હતો. તેને સંતે પૂછ્યું, ‘‘અહીં શું બની રહ્યું છે?’’ મજૂરે કહ્યું, ‘‘સાધુબાબા, કંઈ પણ બને, મારે શું? મંદિર બને કે જેલ બને મને તો મારી રોજની મજૂરી મળે તેનાથી જ મતલબ છે. પૈસા મળશે તો મારા ઘરે ચૂલો ફૂંકાશે અને રોટલો આવશે.’’ સંત આગળ વધ્યા, થોડે આગળ જતાં એક મજૂર આકાર આપેલા પથ્થરો પર ઝીણી કારીગીરી કરતાં કરતાં ભજન ગાઈ રહ્યો હતો તેની પાસે ઊભા રહ્યા અને ભજન સાંભળવા



લાગ્યા. મજૂરનું ભજન પૂરું થયું પછી સંતે તેને પૂછ્યું, ‘‘અહીં શું બની રહ્યું છે?’’ મજૂર આનંદથી ઉભરાતા અવાજે બોલ્યો, ‘‘સાધુ બાબા અહીં મારા આખા ગામનો આનંદ આકાર લેશે. અમારા ગામમાં કોઈ મંદિર નથી. દરેક શુભ અવસર અને ઉત્સવમાં અમારે બાજુના ગામમાં આવેલા મંદિરે જવું પડે છે. અહીં ભગવાનનું મંદિર બની રહ્યું છે.’’ સંત બોલ્યા, ‘‘તું મસ્ત અવાજે ભજન ગાતાં ગાતાં કામ કરે છે. થાક્યો નથી?’’ મજૂરે કહ્યું, ‘‘બાબા, ના થાક શું કામ? મને તો પથ્થર તોડવામાં આનંદ આવે છે, પથ્થર પર પડતા દરેક હથોડાના ઘામાં મને મધુર ધ્વનિ સંભળાય છે. હું તો એ જ વિચારથી ખુશ છું કે થોડા જ મહિનાઓમાં આ મંદિર અહીં તૈયાર થઈ જશે, અહીં ધામધૂમથી પૂજા થશે, બધા ઉત્સવો ઉજવાશે ,સત્સંગ થશે ,મેળો ભરાશે, ભજન કીર્તન થશે...બધાને કેટલો આનંદ આવશે એટલે હું તો આજથી જ તે આનંદ અને મસ્તી અનુભવી રહ્યો છું. રોજ રાત્રે હું મંદિરનાં જ સપનાં જોઉં છું અને સવાર પડતાં જ મંદિરના સ્તંભ પર કોતરણી કરવા માંડું છું. મને આ કામ કરવામાં અનેરો આનંદ આવી રહ્યો છે.’’ સંત મજૂરની વાત સાંભળી રહ્યા અને બોલ્યા, ‘‘તું સદા આનંદમય રહીશ કારણ જે પોતાના કામને પ્રેમ કરે છે અને તેમાં આનંદ શોધે છે તેનું કામ તેને માટે બોજરૂપ ન રહેતાં આનંદમય બની જાય છે.’’

# આપણી ગંદકી અને બેદરકારી-ઈન્ડિયા ઓપનમાં જગમશહૂર બની

સૌંદર્યબોધ અથવા એસ્થેટિક્સની વાત બાજુએ રહી, ભારતના શાસન અને પ્રજામાં સામાન્ય સ્વચ્છતાની સમજણ નથી અથવા તે જાળવવાની ઈચ્છા નથી અને લોકશાહીમાં પ્રજામાં ન હોય તે શાસનમાં આવતું નથી. ઘણી વખત પ્રજામાં હોય છતાં શાસન બેદરકાર હોય. સરકાર દાવાઓ કરે છે કે દેશમાં રસ્તાઓનું ધોરણ સુધર્યું છે અને પહોંચ પણ વધી છે. દાવો સાચો છે, કારણ કે સારા રસ્તાઓ જોવા મળે છે. અલબત્ત નગર કે શહેરોની બહાર. નગરોના રસ્તાઓ એટલા ખરાબ છે જેટલા ‘અચ્છે દિન’ની શરૂઆત નહોતી થઇ ત્યારે હતી. વલસાડના વજીફદાર મહોલ્લામાં હમણાં જવાનું થયું હતું. રસ્તાઓ એટલા બિસ્માર કે યુવાન જણ પણ ચાલી ન શકે. અમે પૂછ્યું, ‘આમ કેમ?’ તો જવાબમાં પેલા મિત્રે કહ્યું કે, ‘હમણાં કોઈ ચૂંટણી આવતી નથી એટલે રસ્તાઓ હવે આવા જ રહેશે.’

દેશમાં આપણે પશ્ચિમના દેશોના નકશાઓ મુજબ બાંધકામો કરીએ છીએ પણ પશ્ચિમની માફક જાળવણીઓ કરતા નથી. જાળવણીનો ખર્ચ ચોપડે નોંધાતો હશે તો પણ કોના ગાડી, બંગલાઓ અને રસોડાની જાળવણી થતી હશે તે લાગે છે કે આ દેશમાં ભગવાન સિવાય બધા જ જાણે છે. સરોવરોની નૌકાઓ, રોપ-વે, મેળાવડાઓ, સિનેમા ગૃહો, ટ્યુશન કલાસીઝ, નર્સિંગ હોમ્સ, હોસ્પિટલો વગેરે જાળવણી અને ભ્રષ્ટાચારમાંથી નીપજતી લાલિયાવાડીને પરિણામે ક્રમશઃ અને સાતત્યમાં આગ તેમ જ હોનારતોનો ભોગ બનતાં રહે છે. રાજકોટના મેળામાં ગમખ્વાર આગ લાગી પછી ગુજરાતના તમામ ગ્રાઉન્ડસ પરના મેળાઓ બંધ કરી દેવાયા. સરકાર ત્યાં સુધી રાહ જોવા માગતી હતી જ્યાં સુધી ઘટના પબ્લિક મેમરીમાંથી ભૂંસાઇ ન જાય. બેદરકારી અને ‘હોતા હૈ ચલતા હૈ’માં કોઈ વિશારદ હોય તો ભારત એશિયા અને આફ્રિકાના દેશોની પ્રજાઓ અને સરકારો છે?

### યે મેરા ઈન્ડિયા

વિનોદ પંડ્યા

તેમાંય ગંદકી અને પ્લાસ્ટિકની ગંદકીમાં ભારત અવ્વલ આવે. સરકારે રસ્તાઓ સુંદર બનાવ્યા છે, પણ જાળવણી ન કરે તો તેનું આયુષ્ય કેટલું? સુંદર રસ્તાઓ બાંધ્યા છે, પણ કોના માટે? ગાયો અને રઝળતાં પ્રાણીઓ માટે? તમે સુંદર મહેલો બાંધો અને તેમાં ગાયો જ બાંધવાની હોય તો તર્ક માટે કોઈ આધાર બચતો નથી. સરકાર અને પ્રજા ગાયોને પૂજનીય માને છે તો પૂજનીયને રાખો એ રીતે રાખો. કોણ ના પાડે છે? દરેક જગ્યાએ મેળવે છે તેમ. કોન્ટ્રેકટરોને આ ઉપક્રમમાંથી પણ મળશે. કેટલાક મેળવે પણ છે. સમસ્યા એ છે કે અસ્વચ્છતા, અરાજકતા પ્રત્યે સૂગ નથી. સૌરાષ્ટ્રની કે ગુજરાતની હાઉસિંગ સોસાયટીની બ્લોકથી મઢેલી ગલીઓ ગાયોના છાણથી અને મૂત્રથી આચ્છાદિત હોય છે. સંભાળીને ચાલવું પડે.

ગયા વરસે મહી નદી પરનો બ્રીજ, ટકી રહેવાના સરકારી પ્રમાણપત્ર બાદ તૂટી પડયો. ધારો કે ગુજરાતના બધા જ પુલનો વપરાશ બંધ કરી દેવાય તો? આ વાહિયાત ઉપાય ગણાય. તેના કારણે સરકારની પ્રજા પ્રત્યેની ખેવના પ્રગટ નથી થતી. પરંતુ લાલિયાવાડી વધુ શાનદાર બનીને ચમકે છે. દક્ષિણ ગુજરાતની એક સુધરાઈ શહેરનો કચરો ઉપાડવાનો કોન્ટ્રેકટ એક વરસ માટે આપવા માગતી હતી. વરસો જૂનો કોન્ટ્રેકટ એ કામ દોઢથી બે કરોડ રૂપિયામાં કરવા તૈયાર હતો. પણ રાજ્ય સરકાર બીજા કોઈને લગભગ સાડા ત્રણથી ચાર કરોડમાં કોન્ટ્રેકટ આપવા માગતી હતી.

સુધરાઈના બે-ત્રણ સભ્યોએ તેની સામે વાંધો ઉઠાવ્યો તો જિલ્લા કલેકટરે એ સભ્યોને એમની ઓફિસમાં બોલાવી એમના પ્રિય અને મોંઘામૂલા કોન્ટ્રેકટરની તરફેણમાં મત આપવા માટે વિરોધ કરનારા સભ્યોને ખાનગીમાં સમજાવ્યા. સરકારી અધિકારીઓ જ સરકારની તિજોરી ખાલી કરવાના મિશનમાં મસ્ત હોય તો પુલો તૂટતાં રહેવાના, રસ્તાઓ કમોસમમાં પણ ધોવાઈ જવાના અને શહેરોમાં ગંદકીઓના ઢગ જમા થતા રહેવાના.

આજકાલ આવી વાતો અરણ્યરુદન બની જાય છે. છતાં યાદ કરવાનું ટાણું એટલા માટે આવ્યું કે હાલમાં નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈનડોર સ્ટેડિયમમાં બેડમિંટનની ઈન્ડિયા ઓપન સ્પર્ધા રમાઈ રહી છે જેમાં વિદેશોમાંથી ભાગ લેવા ખેલાડીઓ પધાર્યા છે. એ ઈનડોર સ્ટેડિયમમાં ખેલાડીઓએ ચારે તરફ કબૂતરોની ચરકો પડેલી જોઈ. તે ખૂબ બદબૂ પણ ફેલાવે. ચારે તરફ વાનરો કૂદાકૂદ કરતા તા. ટોઈલેટ્સ ગંદા, જે ભારતની છાપને અનુરૂપ હતાં. એક ટોપ રેન્કના ખેલાડીએ આવી સ્થિતિમાં સ્પર્ધામાં રમવાની ના પાડી દીધી અને બીજા ઘણા ખેલાડીઓએ ગંદકીની ફરિયાદ કરી.

જો કે બેડમિંટન એસોસીએશન ઓફ ઈન્ડિયાએ દલીલ કરી કે સ્વચ્છતા બરાબર જળવાઈ છે. છતાં એ પણ કબૂલ કર્યું કે આવતા ઓગસ્ટમાં વર્લ્ડ ચેમ્પિનશીપની મેચો અહીં યોજાશે ત્યારે હાલમાં જે તકલીફો જોવા મળી તે ત્યારે નહીં મળે. ટૂંકમાં આપણી પ્રજા ગંદકીથી એટલી ટેવાઈ ગઈ છે કે હવે તે તેને શણગાર માનવા લાગી છે; જેમકે દુનિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# શા માટે અમેરિકાએ લગભગ હોઠ નજીક આવી ગયેલો ઈરાન નામનો કોળિયો છોડો દીધો?

રમેશ ઓઝા

ગુરુવાર સુધી એમ લાગતું હતું કે ઈરાનમાં ૪૭ વરસ જૂની ધાર્મિક તાનાશાહીનો અંત આવશે. વાચકોને યાદ હશે કે ૧૯૭૯ની સાલમાં ઈરાનમાં ક્રાંતિ થઈ હતી જેમાં અમેરિકાના પ્યાદા શાહ મોહમ્મદ રેઝા પહેલવીના શાસનનો અંત આવ્યો હતો. વાચકોને એ વાતની પણ યાદ અપાવી દઉં અને દુનિયાની આજની સ્થિતિ સમજવા માટે એ જરૂરી પણ છે કે ઈરાનમાં ૧૯૫૩ સુધી લોકશાહી હતી જેને અમેરિકાએ કાવતરું કરીને ઉથલાવી હતી અને શાહને શાસક બનાવ્યો હતો. શાહ અમેરિકાનો ખાંધિયો હતો. અમેરિકાને ઈરાનના તેલમાં રસ હતો અને ૧૯૭૯ સુધી ઈરાન અમેરિકાનું સંસ્થાન હતું એમ કહી શકાય. શાહ અને શાહના સમયના શાસકવર્ગના એશોઆરામ વૈભવી જિંદગી, સમૃદ્ધિનું નગ્ન પ્રદર્શન અને અમેરિકા તેમ જ લગભગ સ્વછંદતાના સ્તરની પાશ્ચાત્ય આધુનિકતા ઈસ્લામના આદર્શોમાં શ્રદ્ધા રાખનારી ઈરાનની રૂઢીચુસ્ત પ્રજાને કઠતી હતી. શાહનું શાસન દરેક અર્થમાં સેક્યુલર હતું.

ધીરેધીરે શાહના શાસન વિરુદ્ધ ઈરાનમાં અસંતોષ પેદા થવા લાગ્યો. એમાં અમેરિકાના પ્રભુત્વથી ઈરાનની સ્વતંત્રતા ઈચ્છનારા ઈરાની રાષ્ટ્રવાદીઓ, સેક્યુલર લોકશાહીવાદીઓ અને ઈસ્લામિક સંસ્કૃતિ અને ઈસ્લામિક રાષ્ટ્રવાદી રૂઢીચુસ્ત ઈરાનીઓ અગ્રેસર હતા. શાહનો વિરોધ કરનારાઓની એક ધરી રચાઈ જે વર્ણસંકર હતી. એટલી જ વર્ણસંકર જેવી ૨૦૧૧-૨૦૧૨ની સાલમાં ભારતમાં જોવા મળી હતી. શરૂઆતની વર્ણસંકર ધરી તૂટીને ઈસ્લામિક ઈરાનમાં ફેરવાઈ ગઈ અને ધરીનાં બીજાં ઘટકો માટે ઉલમાંથી ચૂલમાં પડવા જેવું લાગ્યું. ભારતમાં પણ આવો અનુભવ આંદોલનમાં જોડાયેલા પ્રગતિશીલોને થઈ રહ્યો છે. પણ શાહ અને શાહના શાસકવર્ગની ઐયાશી અને તાનાશાહી છતાંય એક ચીજ એવી બની જે ઈરાનના વર્તમાન ઈસ્લામવાદી શાસકોને પરેશાન કરે છે. એ છે સ્વતંત્રતા અને પ્રગતિશીલતા. ઈરાન માનવીય સુખાકારીના માપદંડમાં ત્રીજા વિશ્વનો સૌથી પ્રગતિશીલ દેશ છે, તે પ્રાગ-ઈસ્લામિક સમૃદ્ધ ઈરાની સાંસ્કૃતિક વારસો ધરાવે છે અને પ્રજાએ સ્વતંત્રતા ચાખી છે. આ લોકો ઈસ્લામિક રાષ્ટ્રવાદ અને તેની તાનાશાહીનો વિરોધ કરે છે.

એમાં આ વખતનું આંદોલન પ્રચંડ હતું. એટલું પ્રચંડ કે જગતભરમાં લોકોને એવું લાગવા માંડ્યું કે ૪૭ વરસ જૂના ખોમૈનીના શાસનનો અંત નિશ્ચિત છે. આક્રોશ જોઈને અમેરિકન પ્રમુખે પણ ઈરાનીઓને ઉશ્કેર્યા કે આંદોલન જારી રાખો, મુલ્લાઓને તગેડી મૂકો, અમેરિકા મદદ કરશે, મદદ નીકળી ગઈ છે, રસ્તામાં છે, બસ પહોંચી રહી છે વગેરે વગેરે. આ બાજુ ઈરાને પણ અમેરિકાની દરમ્યાનગીરીને વિદેશી દખલગીરીનું બહાનું બનાવીને દેશદ્રોહી આંદોલનકારીઓને કચડી નાખવાનો પ્રયાસ કર્યો. ૨૫૦૦ લોકો માર્યા ગયા હોવાની કબૂલાત ઈરાની શાસકોએ કરી છે, પણ આંકડો તેનાથી ઘણો વધુ છે. ઈરાનમાં પંદર વરસથી વખતોવખત આંદોલન થતાં રહે છે, પણ આ વખતનું આંદોલન મુલ્લાઓ માટે અંતિમ સાબિત થશે એવું લગભગ દરેકને લાગવા માંડ્યું હતું.

લોકોના પ્રચંડ આક્રોશ માટે કારણો પણ છે. એક નહીં, અનેક. શાસકોની તાનાશાહી, ઈસ્લામનો કેફ અને ધર્મનો ડર, શાસકવર્ગની ઐયાશી, લશ્કરી તાકાત વધારવા બેફામ ખર્ચા, શક્તિશાળી હોવાના ખોટા દેખાડા અને સરવાળે આર્થિક બરબાદી. ઈરાનમાં ફુગાવાનો દર ૫૦ ટકા છે. ગયા મહીને આંદોલનની શરૂઆત વેપારીઓ (ઈરાની ભાષામાં બાઝારી)થી થઈ હતી અને એ પછી આંદોલન વિસ્તરતું ગયું. એક મોટું કારણ એ છે કે લોકોએ સ્વતંત્રતા અનુભવી છે અને તેની ખાસ કરીને સ્ત્રીઓને તેની યાદ સતાવે છે. પણ અગેન ૧૯૭૯માં ઈરાનમાં જોવા મળ્યું હતું એમ અને ૨૦૧૧માં રામલીલા મેદાનમાં જોવા મળ્યું હતું એમ આંદોલનકારીઓની નવી રચાયેલી ધરી વર્ણસંકર છે. એમાં દરેક પ્રકારના લોકો છે અને દરેકની ઈરાન વિશેની કલ્પના અલગ અલગ છે.

આમ પ્રચંડ આદોલન માટે પ્રચંડ મોટાં કારણો હતાં અને ઈરાનના શાસકોનો અંત નજરે દેખાતો હતો એની વચ્ચે ઈસ્લામાબાદમાંના ઈરાની એલચી રેઝા આમીર મોઘદાને ગુરુવારે મોડી રાતે જાહેરાત કરી કે રાતના એક વાગે અમેરિકાએ ઈરાનને સત્તાવાર રીતે કહ્યું છે કે અમેરિકા લશ્કરી દરમ્યાનગીરી નહીં કરે. સામે વ્હાઈટહાઉસમાંથી ખબર આવ્યા કે ઈરાનનાં શાસકોએ ખાતરી આપી છે કે તે આંદોલનકારીઓનું દમન નહીં કરે. આનો અર્થ એ કે હવે અમેરિકા કશું નહીં કરે. શુક્રવારે

> **ઈરાનના શાસકોએ ૪૭ વરસ દરમ્યાન રાજકીય શૂન્યાવકાશ પેદા કર્યો છે. કોઈ રાજકીય વિકલ્પ રહેવા દીધો નથી એટલે જો આ ક્ષણે મુલ્લાઓના શાસનનો અંત આવે તો સામે કોઈ વિકલ્પ જ નથી. રાજકીય શૂન્યાવકાશ જેવી ખતરનાક ચીજ બીજી એકેય નથી**

ટ્રમ્પે ખુદે કહ્યું કે ઈરાનના શાસકો સુધરી ગયા છે.

અહીં બે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પહેલો પ્રશ્ન એ કે આની જાહેરાત ઈસ્લામાબાદમાંના ઈરાની એલચીએ કેમ કરી? શું પાકિસ્તાને લવાદી કરી હતી? એવી શક્યતા ઓછી છે. જોકે પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ અસીમ મુનીરને આજકાલ ટ્રમ્પ પોતાના દોસ્ત તરીકે ઓળખાવે છે. પણ એનાથી વધારે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શા માટે અમેરિકાએ લગભગ હોઠ નજીક આવી ગયેલો ઈરાન નામનો કોળિયો છોડો દીધો? આ બીજો પ્રશ્ન વધારે મહત્ત્વનો છે અને એમાં આપણે પણ ધડો લેવા જેવું છે.

વાત એમ છે કે ઈરાનના શાસકોએ ૪૭ વરસ દરમ્યાન રાજકીય શૂન્યાવકાશ પેદા કર્યો છે. કોઈ રાજકીય વિકલ્પ રહેવા દીધો નથી એટલે જો આ ક્ષણે મુલ્લાઓના શાસનનો અંત આવે તો સામે કોઈ વિકલ્પ જ નથી. રાજકીય શૂન્યાવકાશ જેવી ખતરનાક ચીજ બીજી એકેય નથી. ઈરાનમાં અરાજકતા પેદા થશે અને દાયકાઓ સુધી તેનો અંત નહીં આવે. અમારા સિવાય બીજું કોઈ શાસન ન કરી શકે એવી જીદે અનેક દેશોને બરબાદ કરી નાખ્યા છે. ઈરાક, અફઘાનિસ્તાન, લીબિયા, સીરિયા આનાં પ્રમાણ છે.

તમને આશ્ચર્ય થશે કે ખોમૈનીને હિટલર સાથે સરખાવનારા સાઉદી અરેબિયાના શેહજાદા મોહમ્મદ બિન સલમાને અમેરિકાને વિનંતી કરી છે કે આ ક્ષણે ઈરાનમાં હસ્તક્ષેપ કરવામાં ન આવે. તેમણે ઈરાનના શાસકોને કહ્યું છે કે અમરિકા હુમલો કરશે તો સાઉદી અરેબિયા પોતાનાં લશ્કરી થાણાંઓનો ઉપયોગ નહીં કરવા દે. સાઉદી અરેબિયા સાથે ઓમાન, કતાર, તુર્કી અને બીજા મુસ્લિમ દેશો પણ જોડાયા છે જેણે અમેરિકાને કહ્યું છે કે અત્યારે હસ્તક્ષેપ નહીં કરો. આ બધા દેશો સુન્ની દેશો છે અને શિયા ઈરાન સાથે સૈકાઓથી દુશ્મની ધરાવે છે. પણ છતાંય તેઓ નથી ઈચ્છતા કે અત્યારે ખોમૈનીના શાસનનો અંત આવે. આ સિવાય ઈઝરાયેલ પણ અસ્થિરતાનો લાભ લે અને પોતાની વગનો વિસ્તાર કરે.

અને અમેરિકા? અમેરિકાએ ક્યારેય સિદ્ધાંતો અને મૂલ્યો સાથે સંબંધ રાખ્યો નથી. ટ્રમ્પની ક્યાં વાત કરીએ કહેવાતા ડાહ્યા શાસકો શાસન કરતા હતા ત્યારે પણ. ઈરાનમાં લોકતંત્રનો અંત અમેરિકાને કારણે આવ્યો હતો. પણ એનો અર્થ એ પણ નથી કે ઈરાનના શાસકો હવે લાંબો સમય શાસન કરી શકશે. તેમના દિવસો પૂરા થઈ ગયા છે. ઈરાનની રશિયા અને ચીન સાથેની દોસ્તી અને નવી રચાયેલી ધરી પણ તેમને બચાવી નહીં શકે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### મોદીએ શા માટે ઝૂકવું જોઈએ?

શશી થરૂરે હાલમાં એક ટી.વી. મુલાકાતમાં અમેરિકા સાથે જેમ બને તેમ જલ્દી ‘ડીલ’ કરવું જોઈએ, એમાં વિલંબ ન કરવો જોઈએ એવું જણાવ્યું છે. પ્રશ્ન એ છે કે, શું શશી થરૂર અથવા કોંગ્રેસને ‘ડીલ’ ની શરતોની જાણકારી કે જાત માહિતી છે? શરતો જાણ્યા વિના ‘હા’ કે ‘ના’ કઈ રીતે કહી શકાય? ટ્રમ્પ માટે અમેરિકા પ્રથમ છે તો મોદી સરકાર માટે ભારત પ્રથમ છે. શશી થરૂરની વાત એ હકીકતની પુષ્ટિ કરે છે કે, જો કોંગ્રેસનું શાસન હોત તો ટ્રમ્પ સામે ઝૂકી ગયું હોત. ૨૦૨૫-૨૬ ની મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી સહિતની વખતોવખતની ભારતમાં થતી ચૂંટણીઓ એ નિર્દેશ કરે છે કે, ભારતની જનતા મોદી સાથે છે. મોદીએ શા માટે ઝૂકવું જોઈએ? ટ્રમ્પને પોતાને ડર છે કે નવેમ્બર 2026 માં આવનારી મધ્યસત્ર ચૂંટણીમાં તે સેનેટમાં બહુમતી ગુમાવશે તેથી ઈશારો પણ કર્યો છે કે ચૂંટણીની શી જરૂર? ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી મુલતવી રખાવે એમ બને. રાષ્ટ્રના ભોગે લવાયેલા વિદેશી ચલણનો કોઈ સંશોધન કે લોકોને રોજબરોજની અગવડતામાંથી મુક્ત કરતાં નવા સાધન પોતાની ટેકનોલોજીથી બનાવવા માટે ઉપયોગ થવાનો નથી. પરંતુ વિદેશી બ્રાન્ડ વૈભવી કાર, પ્રાઈવેટ જેટ વિમાનો, અન્ય વિદેશી બ્રાન્ડની પ્રોડકટો, વિદેશી કંપનીઓનાં લાયસન્સ કે ફ્રેન્ચાઈઝી ખરીદવા જ થવાના છે તો ડીલની ઉતાવળ શા માટે? શશી થરૂરે જેમને કેટલ ક્લાસ કહ્યા છે એ વર્ગને પણ શું ફાયદો થવાનો? શશી થરૂરને ટ્રમ્પની શરત ખબર હોય તો જાહેર કરવી જોઈએ.

**અમદાવાદ - કુમારેશ ત્રિવેદી**

### તમારા પરિવારમાં ભીષ્મ કોણ છે? તમે જાણો છો?

ઉત્તરાયણના દિવસે જ ભીષ્મ પિતામહે પ્રાણત્યાગ કર્યો હતો. ૪૯ દિવસ સુધી બાણશૈયા પર શરીરને ટકાવી રાખ્યું હતું. વેદવ્યાસજીએ આ પ્રસંગ દ્વારા બહુ મોટી શીખ આપી છે. આપણા પરિવારમાં પણ એક ભીષ્મ હોય છે. જેની સામે બેસવાનો તો શું સામે જોવાનો આપણી પાસે સમય હોતો નથી. દાદા, દાદી, પપ્પા, મમ્મી, ભાઈ, બહેન,પતિ, પત્ની, દીકરો કે દીકરી કોઈ પણ સ્વરૂપે હોય છે. આપણા ઘરના ભીષ્મ આપણા પરિવારની બધી મુશ્કેલીઓ, તકલીફો, અડચણો પોતાના મજબૂત ખભે ઉંચકી લેતા હોય છે અને ચૂપ રહેતા હોય છે જેથી આપણા પરિવારનાં બીજાં સભ્યોને કોઈ મુશ્કેલી, તકલીફો, અડચણોનો કોઈ અહેસાસ થતો નથી. ભીષ્મ તો ઉત્તરાયણ પર જતા રહ્યા પણ આપણે આપણા પરિવારના ભીષ્મને ઓળખીને સાચવી લેવા નહીંતર કૌરવોની જેમ આપણું વ્યક્તિત્વ અને અસ્તિત્વ પણ ખતમ થઈ જશે.થોડી વાર આંખો બંધ કરીને વિચારો, આપણી સમસ્યાઓને આપણા સુધી ના પહોંચવા દેનાર કોણ છે? વિચારો આપણી ભૂલોને પોતાના પર લઈ લેનાર એ કોણ છે? વિચારો કે એવું કોણ છે જેના કારણે આપણને સુરક્ષાનો અનુભવ થાય છે? એવું કોણ છે જેની ગેરહાજરી આખા પરિવારને પારાવાર મુશ્કેલીમાં મૂકી દે? એવું કોણ છે જેમની હાજરી આપણને હંમેશા હળવાફુલ રાખે છે? બસ આ જ આપણા ભીષ્મ છે. એમને ઓળખીને, એમને સાચવી લઈએ. એમનું જતન કરીએ. એમની કાળજી લઈએ

**સુરત- અબ્બાસભાઈ કૌકાવાલા**

### 2026 યુદ્ધનું વર્ષ સાબિત થશે?

વૈશ્વિક વર્તમાન પરિસ્થિતિ પર એક નજર કરીએ તો એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે કે હાલમાં વિશ્વમાં ઘણાં દેશો વચ્ચે યુદ્ધો ચાલી રહ્યાં છે. કેટલાક દેશોમાં અંતરિક તણાવની પરિસ્થિતિ સર્જાઈ રહી છે. આ બાબતને ધ્યાનમાં લઈને પ્રશ્ન થાય છે કે 2026 નું વર્ષ ઈતિહાસમાં યુદ્ધના વર્ષ તરીકે અંકિત થઈને જ રહેશે કે કેમ?

યુદ્ધના ભણકારા વચ્ચે વિવિધ દેશોમાં આર્થિક અને રાજનીતિક અસ્થિરતા પ્રવર્તી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરી યુએસએની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. એટલું જ નહીં ગ્રીનલેન્ડને પોતાના કબ્જામાં કરવા માટે ટ્રમ્પ ધમપછાડા કરી રહ્યા છે. ઈરાનમાં હજારો નાગરિક પોતાની સરકાર દ્વારા વિરુદ્ધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઊતરી આવ્યાં છે. સચોટ ભવિષ્યવાણી માટે જાણીતા બાબા વેંગાએ વર્ષ 2026 ને યુદ્ધ અને વિનાશનું વર્ષ ગણાવ્યું છે. દુનિયામાં મિસાઈલ, ડ્રોન, ગાઈડેડ બોમ્બ વગેરે યુદ્ધનાં સાધનોના સંરક્ષણના સોદાઓ થઈ રહ્યા છે તે જોતાં યુદ્ધનો પલીતો ચંપાઈ ચૂક્યો હોય એવું લાગી રહ્યું છે. એક વાત નક્કી છે કે ત્રીજું વિશ્વયુદ્ધ નહીં થાય તો પણ સમગ્ર વિશ્વના દેશોમાં જબરદસ્ત રાજકીય અને આર્થિક ઉથલપાથલ થશે એ નિશ્ચિત છે.

**નવસારી -- ડૉ. જે. એમ. નાયક**

### ૨૧મી સદીમાં પણ ૧૮મી સદીની માનસિકતા

હમણાં કેટલાંક આંતર જ્ઞાતિય લગનોએ ખાસ્સો વિવાદ ઊભો કર્યો. આજે જ્યારે આંતરજ્ઞાતિય લગ્ન સરળ અને સહજ બનતાં જાય છે ત્યારે આવી ઘટનાઓ અસહજ ગણાય. સહજ થતાં જતાં આંતરજ્ઞાતિય લગ્ન એ આધુનિક જમાનાની દેન છે. આગળ જતાં જ્ઞાતિવાદને તોડવા કે નબળો પાડવા માટે આવા આંતરજ્ઞાતિય લગ્નો કારણભૂત બનશે. હજુએ ક્યાંક અને કેટલાક જડભરતો પોતાની જ્ઞાતિનું મિથ્યા ગૌરવનું પોટલું માથે લઈને ફરતાં દેખાઈ રહ્યાં છે. ક્યાંક આંતરજ્ઞાતિય લગ્નને કારણે ‘જ્ઞાતિ’ બહાર મૂકવાની ઘટનાઓ પણ સામે આવી. ૨૧ મી સદીમાં જ્ઞાતિબહાર કાઢવું એ ૧૮મી સદીની માનસિકતા ગણાય. કેટલાક નરબંકાઓ તો સામે ચાલીને જ્ઞાતિનો ત્યાગ કરી દેતા હોય છે. વચ્ચે કેટલાંક સ્થાપિત હિતોના દબાણવશ ગુજરાત સરકાર જે યુગલો ભાગીને લગ્ન કરે છે એમના માટે મેરેજ સર્ટિફિકેટમાં માતા પિતાની સહી ફરજિયાત કરવાનો નિયમ લાવવાની વાત હતી. હવે આ જડસુઓને એ ખબર નહીં પડતી હોય કે માતા-પિતાની સંમતિ હોય તો યુગલ ભાગીને લગ્ન શા માટે કરે? જે કિસ્સામાં નામ અને ધર્મ છુપાવીને પ્રેમ અથવા લગ્ન થતાં હોય એવા કિસ્સામાં ઘણી વખત યુવતી ફસાઈ જવાની લાગણી અનુભવતી હોય છે. આવી ઘટનાઓમાં અવશ્ય કાયદા કાનૂન ફસાયેલી યુવતીઓની તરફેણમાં હોવા જોઈએ પરંતુ બધા જ પ્રેમલગ્નમાં માતા પિતાની સંમતિનો કાયદો એટલે ‘પાડાના વાંકે પખાલીને ડામ’ કે ‘સૂકાં ભેગું લીલું બળે’ જેવો ઘાટ થાય.

**સુરત - પ્રેમ સુમેસરા**

### અખબારી પઠન

જ્યારથી મોબાઈલ ફોનનું વળગણ વધી ગયું છે ત્યારથી અખબારી પઠનની ઉપેક્ષા થવા માંડી છે. પાઠયપુસ્તકો ઉપરાંત રોજબરોજનાં સમાચારો, માહિતીઓથી વંચિત રહેવાથી કેળવણી અપૂર્ણ રહે છે. શાળાઓમાં જે રીતે શૈક્ષણિક કાર્યારંભે પ્રાર્થના સભા યોજાય છે. તે જ રીતે એવી સભામાં અખબારી પઠન પણ થવું જોઈએ. પુસ્તકોનું, સાહિત્યનું વાચન તો મોટેરાંઓમાં પણ ઘટી ગયું છે. ઉત્તરપ્રદેશની રાજ્ય સરકારે આ દિશામાં સ્તુત્ય પ્રારંભ કર્યો છે. શાળાઓમાં અખબારી પઠન ફરજિયાત કર્યું છે. વિદ્યાર્થીઓએ અખબારી પઠન સાથે પાંચ નવા શબ્દોનો અર્થ સમજાવવાનો રહેશે. જૂથ ચર્ચાઓ અને સમાચાર કિલપિંગ્સની જોગવાઈ શાળાઓમાં કરવાની રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતાની તકો વધશે. ભાષાઓ પરના પ્રભુત્વની પણ વૃદ્ધિ થશે. વિદ્યાર્થીઓના વિજ્ઞાન, સંસ્કૃતિ અને રમતગમતના જ્ઞાનમાંયે વધારો થશે. આજનાં વિદ્યાર્થીઓમાં પુસ્તકો પ્રત્યેની રુચિ ઘટી છે. ઉપરાંત તેમનામાં એકાગ્રતા અને ભાવનાત્મક વિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ફરજિયાત અખબારી પઠનથી શાળાના હસ્તલિખિત સામયિક માટેની સ્થિતિ સર્જાશે, જૂથ ચર્ચાઓ યોજાશે, દેશ-વિદેશના પ્રવાહોથી પરિચિત થશે. નવા શબ્દો જાણવા ઉપરાંત વાતચીતમાંયે સુધારો જોવાશે, ભાવનાત્મક તથા રાષ્ટ્રીયતા પોષક સાહિત્ય તરફ વળશે, માહિતીપ્રદ ક્વિઝનું આયોજન પણ થઈ શકે. પર્યાવરણની સમજ કેળવાશે. ભવિષ્યના જવાબદાર નાગરિક તૈયાર થશે. ફેક ન્યૂઝ દૂર કરી સાચા અને ઉપયોગી સમાચારો, માહિતીઓની કાળજી શાળાનાં શિક્ષકોએ લેવાની રહેશે. યુ.પી.ની. પહેલને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્યની પણ શાળાઓમાં અખબારી પઠન અંગે યોગ્ય કાર્યવાહી શીઘ્ર કરવાની જરૂરત છે.

**ઝાંપાબજાર, સુરત- યુસુફ એમ. ગુજરાતી**